ટૉરેસ સ્કૅમ

# મુખ્ય આરોપી કહે છે હું તો વ્હીસલબ્લોઅર છું

મુંબઈ: ટોરેસ બ્રાન્ચ ચલાવતી કંપની દ્વારા મુંબઈ, નવી મુંબઈ, મીરા-ભાયંદરમાં સ્ટોર્સ શરૂ કર્યા બાદ રોકાણ પર દર સપ્તાહે ૬થી ૧૧ ટકા વ્યાજે વળતરની લાલચે રોકાણકારો સાથે ૧,૦૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડીના કેસના મુખ્ય શકમંદ તૌસિફ રિયાઝે પોતે વ્હીસલબ્લોઅર હોવાનો હવે દાવો કર્યો છે. ૪ જાન્યુઆરીએ ટૉરેસ સ્કૅમ વિશે જાણ્યા બાદ પોતે એજન્સીઓને આની જાણ કરી હતી અને સાથે પુરાવા પણ રજૂ કર્યા હોવાનો દાવો રિયાઝે કર્યો છે.

શિવાજી પાર્ક પોલીસે આ કેસમાં વિદેશી નાગરિક સહિત ત્રણ જણની ધરપકડ કર્યા બાદ ૧૮૨ પાનાંનો વ્હીસલબ્લોઅર રિપોર્ટ સામે આવ્યો હતો, જે આક્ષેપ કરાયો હતો કે ૨૦૧૯ના યુક્રેન અને રશિયા બીટુબી જ્વેલરી કૌભાંડ પાછળના લોકોએ જ આ છેતરપિંડી આચરી હતી.

એજન્સીઓ સાથે શૅર કરાયેલા દસ્તાવેજોમાં રિયાઝે દાવો કર્યો છે કે આ સ્કૅમનો પર્દાફાશ કરવાના તેના પ્રયાસને કારણે તેના જીવને જોખમ છે.

અધિકારીઓને પાઠવેલા પત્રમાં તેણે આક્ષેપ કર્યો છે કે ટોરેસ જ્વેલરી વ્યવસાયની આડમાં પોન્ઝી સ્કીમ્સ ચલાવે છે, જેમાં કર ચોરી, વધુ પડતો રોકડ ખર્ચ અને ટોરેસ કૌભાંડમાં સંભવિત મની લૉન્ડરિંગ જેવી આર્થિક ગેરરીતિઓ સામેલ છે.

તેણે જણાવ્યું હતું કે બીટુબી જ્વેલરી (યુક્રેન) અને કાન્સ્રી જ્વેલરી (ટર્કી) દ્વારે જે પ્રકારની ઠગાઇ આચરવામાં આવી છે એવી જ પ્રકારની આ ઠગાઇ છે. રિયાઝે ગ્રાહકોને સુરક્ષિત રાખવા અને વધુ આર્થિક નુકસાન અટકાવવા માટે ટેક્સ, ફાઇનાન્શિયલ અને લૉ એન્ફોર્સમેન્ટના અધિકારીઓને તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની વિનંતી કરી છે. ■

## ટૉરેસની ચાર ઓફિસ સહિત છ સ્થળે પોલીસની સર્ચ: ત્રણ કરોડથી વધુની રોકડ જપ્ત

મુંબઈ: કરોડો રૂપિયાના ટૉરેસ સ્કૅમની તપાસ કરી રહેલી મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ ગુરુવારે ટૉરેસની ચાર ઓફિસ સહિત છ સ્થળોએ સર્ચ કરી હતી, જેમાં ત્રણ કરોડથી વધુની રોકડ જપ્ત કરવામાં આવી હતી. એ સિવાય રોકાણ સંબંધી દસ્તાવેજો તથા સ્ટોન્સ પણ જપ્ત કરવામાં આવ્યા હતા. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ટૉરેસ સ્કૅમ પ્રકરણે પાંચ સામે ગુનો દાખલ કરાયો છે. તપાસમાં જાણવા મળ્યું હતું કે રોકાણકારોને પંદર જેટલી કાર વહેંચવામાં આવી હતી. પોલીસ ટીમ દ્વારા ગુરુવારે કોલાબા, ઓપેરા હાઉસ, ગિરગામ, એન.એમ. જોશી માર્ગ, દાદર તેમ જ ડોંબિવલીમાં સર્ચ હાથ ધરવામાં આવી હતી. આમાંના બે સ્થળોએ આરોપી તાન્યા કેસાતોવા અને વેલેન્ટિના કુમારના ઘર આવેલા છે. ટૉરેસ પાસેથી મોજનાઇટ સ્ટોન ખરીદનારા લોકોને એકસરખા સર્ટિફિકેટ આપવામાં આવ્યાં હતાં, એવું તપાસમાં જણાયું છે. રોકાણકારો ફરિયાદ નોંધાવવા માટે આગળ આવે એ માટે શિવાજી પાર્ક પોલીસ સ્ટેશનમાં સેલ શરૂ કરવામાં આવ્યું હોઇ ગુરુવારે અમારી પાસે ૩૫૦ જેટલી ફરિયાદ આવી હતી, જેમાં રોકાણકારોએ પાંચ કરોડ રૂપિયા ગુમાવ્યા હોવાનું જણાયું હતું. ■

# ન નગરસેવક, ન પાલકપ્રધાન: મુંબઈમાં વિકાસકામો ઠપ છે

મુંબઈ: રાજ્યમાં ત્રણ વર્ષ પહેલાં ભાજપ સરકાર સત્તામાં આવ્યા બાદ ચૂંટાઈને આવેલા નગરસેવકો ન હોવાને કારણે વિકાસકામ માટે જનપ્રતિનિધિને પાલકપ્રધાનને નિવેદન આપવાનો આદેશ પ્રશાસને આપ્યો હતો. જોકે છેલ્લાં ત્રણ મહિનાથી મુંબઈમાં કોઈ પાલકપ્રધાન જ ન હોઇ વિકાસકામોના ભંડોળ માટે ભલામણ કોની પાસે કરવી, એવો પ્રશ્ન ઊભો થયો હતો. આથી પાલકપ્રધાનને અભાવે મુંબઈનાં મોટા ભાગનાં નાગરિક કામો ઠપ થઇ ગયાં છે. આટલું જ નહીં જોગવાઈ કરવામાં આવેલા કરોડો રૂપિયાનાં ભંડોળ પણ એમ ને એમ પડ્યાં હોવાથી તેમને ખર્ચવા માટેની સમયમર્યાદા પૂરી થઇ જવાનો ભય છે.

મુંબઈ મહાપાલિકામાં ચૂંટાઈને આવેલા નગરસેવકોની મુદત ૭મી માર્ચ, ૨૦૨૨ના રોજ પૂરી થયા બાદ પાલિકાના કારભારની ધુરા એડમિનિસ્ટ્રેશનના ખભ્ભે છે. જોકે વોર્ડમાંના રસ્તા, પાણી, ગટર, સ્વચ્છતાગૃહો, ફૂટપાથ તેમ જ આરોગ્ય અને કચરાનો પ્રશ્ન કોણ ઉકેલશે, એવો મૂળભૂત પ્રશ્ન ઊભો થયો હતો. આ વખતે ભાજપ સરકારે તેમની મરજી મુજબના બે પાલકપ્રધાન નીમીને તેમની પાસે જનપ્રતિનિધિને વિકાસકામો માટે નિવેદન આપવાનો આદેશ આપ્યો હતો. તે અનુસાર શહેર અને ઉપનગરના પાલકપ્રધાન પાસે વિકાસકામોનાં ભંડોળ માટે નિવેદન આપવામાં આવી રહ્યાં છે. ■




# ઉધારના પૈસાનો વિવાદ: પુણેમાં મહિલા કર્મચારીની સહકર્મીએ હત્યા કરી

## પાર્કિંગ એરિયામાં બનેલી ઘટનાનો વીડિયો થયો વાયરલ: લોકોએ આરોપીને પકડી ઢોરમાર માર્યો



મુંબઈ: બિઝનેસ પ્રોસેસ આઉટસોર્સિંગ (બીપીઓ)ની મહિલા કર્મચારીની તેના સહકર્મીએ ચોપરના ઘા ઝીંકીને હત્યા કરી હોવાની ચોંકાવનારી ઘટના પુણેના યરવડામાં જાહેરમાં બની હતી. કાર્યસ્થળ નજીક પાર્કિંગ ઍરિયામાં લોકોની હાજરી વચ્ચે થયેલી આ હત્યાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

મહિલા પર હુમલો કર્યા બાદ આરોપીએ ચોપર જમીન પર ફેંકી દેતાં જ લોકોએ તેને પકડી પાડી ઢોરમાર માર્યો હતો. યેરવડા પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ યેરવડા વિસ્તારમાં બીપીઓ ફર્મ ડબ્લ્યુએનએસ ગ્લોબલ સર્વિસીસના પાર્કિંગ ઍરિયામાં ૭ જાન્યુઆરીએ સાંજે ૬.૧૫ વાગ્યે આ ઘટના બની હતી. આરોપીની ઓળખ કૃષ્ણા સત્યનારાયણ કનોજા (૩૦) તરીકે થઇ હોઇ તે શિવાજીનગરનો રહેવાસી છે.

વાયરલ વીડિયોમાં જોઇ શકાય છે કે આરોપી કનોજા ઘટના સમયે પાર્કિંગ ઍરિયામાં ઊભો હતો. મહિલા શુભદા શંકર કોદારે (૨૮) જ્યારે બસમાંથી ઊતરી ત્યારે બંને વચ્ચે ઝઘડો થયો હતો અને ગુસ્સામાં કનોજાએ શુભદાના જમણા હાથ પર ચોપરથી હુમલો કર્યો હતો, જેમાં તેને ગંભીર ઇજા પહોંચી હતી.

શુભદા કરાડની વતની હતી અને તે બાલાજીનગરમાં છેલ્લાં ચાર વર્ષથી રહેતી હતી. શુભદા અને કનોજા યેરવડાની એક જ કંપનીમાં કામ કરતાં હતાં. યેરવડા પોલીસ સ્ટેશનના અધિકારી રવીન્દ્ર શેળકેએ જણાવ્યું હતું કે શુભદાએ પિતાની સારવાર માટે કનોજા પાસેથી હપ્તામાં ચાર લાખ રૂપિયા લીધા હતા. કનોજા તેના પૈસા પાછા માગી રહ્યો હતો, જેને કારણે બંને વચ્ચે વિવાદ થયો હતો. કનોજા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી હતી. સ્થાનિક અદાલતે કનોજાને ૧૩ જાન્યુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. ■

# પશ્ચિમ રેલવેએ ખુદાબક્ષો પાસેથી ૧૦૪ કરોડનો દંડ વસૂલ્યો

મુંબઈ: મહારાષ્ટ્રમાં પશ્ચિમ રેલવેએ માન્ય ટિકિટ ધરાવતા તમામ મુસાફરોને આરામદાયક મુસાફરી અને વધુ સારી સેવાઓ પ્રદાન કરવા માટે મુંબઈ ઉપનગરીય લોકલ ટ્રેનો, મેલ, એક્સપ્રેસ તેમ જ પેસેન્જર ટ્રેનો અને હોલિડે સ્પેશિયલ ટ્રેનોમાં ચેકિંગ ઝુંબેશ શરૂ કરી છે. આ ટ્રેનોમાં ટિકિટ વગર મુસાફરી કરતા મુસાફરોને શોધવા માટે સતત ટિકિટ ચેકિંગ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.ટિકિટ ચેકિંગ ટીમ દ્વારા એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન પશ્ચિમ રેલવેના વરિષ્ઠ અધિકારીઓની દેખરેખ હેઠળ, ટ્રેનોમાં ખુદાબક્ષો પાસેથી લગભગ ૧૦૪.૪૫ કરોડ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. મુંબઈ ઉપનગરીય વિભાગમાંથી મળેલા રૂ. ૩૩.૯૮ કરોડનો પણ તેમાં સમાવેશ થાય છે.પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકના જણાવ્યા અનુસાર, ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન, ૧.૮૯ લાખ ટિકિટ વિનાના મુસાફરોને શોધીને ૧૦.૯૮ કરોડ રૂપિયાની રકમ વસૂલ કરવામાં આવી હતી, જેમાં બુકિંગ વગરના સામાનના કેસનો પણ સમાવેશ થાય છે. ■

# ઉદ્ધવ-સેનાના ઘણા નેતાઓ શિંદે-સેનામાં જોડાશે: ઉદય સામંત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિવસેનાના નેતા અને મહારાષ્ટ્રના પ્રધાન ઉદય સામંતે એવો દાવો કર્યો હતો કે, શિવસેના (યુબીટી)ના ઘણા ચૂંટાયેલા પ્રતિનિધિઓ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના સંપર્કમાં છે અને ટૂંક સમયમાં તેમની પાર્ટીમાં જોડાશે.

શરદ પવારની આગેવાની હેઠળની પાર્ટીના સાંસદોને અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) દ્વારા તોડવાના કથિત પ્રયાસના પ્રશ્નના જવાબમાં સામંતે કહ્યું હતું કે, મને એનસીપી (એસપી)ના સાંસદો એનસીપીમાં જોડાશે કે નહીં તે વિશે ખબર નથી, પરંતુ મેં આ પહેલા પણ કહ્યું હતું... ચૂંટણી પરિણામો જાહેર થયા પછી, સેના (યુબીટી)ના ઘણા જનપ્રતિનિધિઓ શિંદેના સંપર્કમાં હતા. ટૂંક સમયમાં, તમે જોશો કે સેના (યુબીટી)ના તે જન પ્રતિનિધિઓ શિવસેનામાં હશે.

'આ અંગેનો નિર્ણય શિંદે દ્વારા લેવામાં આવશે,' એમ તેમણે કહ્યું હતું.

સામંતે એમ પણ કહ્યું હતું કે, જો કોઈ મહા વિકાસ આઘાડીના નેતાઓ અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીમાં જોડાવા માગતા હોય, તો શિવસેના તેનું સ્વાગત કરશે.

એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાએ લોકસભાની સાત બેઠકો જીતીને એનડીએમાં ત્રીજો સૌથી મોટો સાથી પક્ષ બન્યો છે. જો તે સેના (યુબીટી) ના વધુ સાંસદોને ખેંચવામાં સફળ થાય છે, તો પાર્ટી રાષ્ટ્રીય સ્તરે એનડીએમાં તેની સ્થિતિ વધુ મજબૂત કરશે અને વિપક્ષી ઈન્ડિ ગઠબંધનમાં સેના (યુબીટી)ની સ્થિતિ નબળી પડશે.

હાલમાં સેના (યુબીટી) પાસે ૧૦ લોકસભા સાંસદ છે. ■




# ઉદ્ધવ સેના ફોડી ફડણવીસે પણ અસંતોષના ફટાકડા ફૂટ્યા ભાજપમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

પુણે: શિવસેના (યુબીટી)ના પાંચ ભૂતપૂર્વ કોર્પોરેટરો ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા બાદ સ્થાનિક કાર્યકરોએ ફ્લેક્સ દ્વારા પોતાની નારાજી વ્યક્ત કરી છે, જેનાથી ભાજપમાં રહેલા આંતરવિગ્રહની જાણકારી મળી રહી છે. ફ્લેક્સ પર લખવામાં આવ્યું છે કે 'દુશ્મની જમકર કરો લેકિન યે ગુંજાઈશ રહે, જબ કભી હમ દોસ્ત હો જાએં તો શર્મિંદા ન હો.' (દુશ્મની જોરદાર રાખો, પણ એવી જગ્યા રહેવા દો કે જો ક્યારેય ફરી મિત્ર બનીએ, તો શરમાવાનો વારો આવે નહીં) આ કવિતાને કારણે પુણેના રાજકારણમાં આ પક્ષ પ્રવેશને કારણે ફટાકડા ફૂટવાની શક્યતા જણાઈ રહી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના ભૂતપૂર્વ સભાગૃહ નેતા અને ભાજપ નેતા ગણેશ બિડકરના સાથીદાર વિશાલ દરેકરે શહેરના મધ્યવર્તી વિસ્તારોમાં કવિતાવાળા બેનરો લગાવ્યા છે. મુંબઈમાં પક્ષપ્રવેશનો કાર્યક્રમ યોજાયા પછી થોડા જ કલાકોમાં આ ફ્લેક્સ લગાવવામાં આવ્યા છે અને તેનો રાજકીય અર્થ છે, એમ રાજકીય નિરીક્ષકોનું માનવું છે. જોકે પાર્ટીએ પક્ષપ્રવેશ વિશે કશું લખ્યું નથી, પરંતુ એવી ચર્ચા છે કે આનો ઉપયોગ એક સમયના હરીફોને 'સંદેશ' મોકલવા માટે કરવામાં આવ્યો છે. બિડકરના નજીકના સાથીઓ દ્વારા લગાવવામાં આવેલા આ ફ્લેક્સથી શહેરના વરિષ્ઠ ભાજપ નેતાઓમાં ભારે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

**ભવિષ્યના સંઘર્ષોનો આશ્રયદાતા?**

શિવસેના (યુબીટી)ના જૂથના પાંચ ભૂતપૂર્વ કોર્પોરેટરોના પ્રવેશમાં ભાજપના કાર્યકરો અને સ્થાનિક નેતાઓને ખાસ રસ નથી. સ્થાનિક નેતાઓએ બધાની સામે પોતાની નારાજી વ્યક્ત કરી છે. આવી જ રીતે એકનાથ શિંદેની શિવસેનાએ પણ આ પાંચના પક્ષપ્રવેશ અંગે નારાજી વ્યક્ત કરી છે. ■

# મઢ-માર્વે રોડ પહોળો કરવા આડે ૫૨૯ બાંધકામનો અવરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: માર્વેમાં ટી-જંક્શનને મઢ જેટ્ટી સાથે જોડતા ભાસ્કર ભોપી રોડને ૨૭.૪૫ મીટર સુધી પહોળો કરવાનો નિર્ણય મુંબઈ મહાનગરપાલિકાએ લીધો છે. એક વખત રોડ પહોળો થશે એ સાથે જ તે મલાડ અને અંધેરી વચ્ચે તો એક મહત્ત્વની લિંક બની રહેશે પણ સાથે જ મઢ-વર્સોવા બ્રિજને પણ આ રસ્તો જોડશે. જોકે આ પ્રોજેક્ટને આડે એટલે કે રસ્તો પહોળો કરવામાં ૫૨૯ બાંધકામ અને જમીનના ટુકડાઓ અવરોધરૂપ બની રહ્યા છે.

માર્વે રોડ પર ટી જંક્શન પર ભાસ્કર ભોપી રોડ શરૂ થાય છે, જે આગળ મઢ જેટ્ટી સહિત અનેક બીચને જોડે છે, જેમાં મુખ્યત્વે આક્સા બીચ, એરંગલ બીચ અને દાનાપાણી બીચનો સમાવેશ થાય છે. તાજેતરના વર્ષોમાં આ રસ્તાની હાલત એકદમ ખરાબ થઈ ગઈ છે, જેને કારણે વાહનચાલકોને ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. તેથી પાલિકાએ રોડની હાલત સુધારવા પમાટે તેને પહોળો કરવાની પ્રક્રિયા ચાલુ કરી છે.

આ પ્રોજેક્ટને કારણે માત્ર રોડની હાલત જ નહીં સુધરે પણ મલાડ અને અંધેરી જેવા મહત્ત્વના એરિયા સુધી પહોંચવામાં લાગતો સમયમાં પણ બચત થશે.

હાલમાં આ રસ્તાની પહોળાઈ જુદા જુદા પટ્ટામાં છથી લઈને આઠ મીટર સુધીની છે, જેને કારણે અહીં ટ્રાફિક જામની સાથે જ એક્સિડન્ટનું જોખમ પણ વધારે છે. તેથી પાલિકાના 'પી-ઉત્તર' વોર્ડ દ્વારા આ રસ્તાને પહોળો કરવાનું કામ ડેવલપમેન્ટ પ્લાન (ડીપી) ૨૦૩૪ હેઠળ હાથ ધરવામાં આવ્યું છે. ■

# ઝઘડામાં મધ્યસ્થી ભારે પડી: લોકલમાં ફેરિયા પર છરીથી હુમલો

મુંબઈ: લોકલ ટ્રેનમાં મહિલા પ્રવાસીઓ અને એક પુરુષ વચ્ચેના ઝઘડામાં મધ્યસ્થી કરનારા ફેરિયા પર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટના પછી પ્રવાસીઓએ આરોપીને ધિબેડી નાખ્યો હતો. જખમી ફેરિયા અને આરોપીને બન્નેને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના પશ્ચિમ રેલવેની લોકલ ટ્રેનમાં બાન્દ્રા સ્ટેશન નજીક બુધવારની બપોરે બની હતી. સચિન ધારોલિયા (૨૪) તેના સાળા જિતેશ અંબાલિયા સાથે મહિલાઓના ડબ્બામાં ચૉકલેટ્સ વેચતો હતો. તે સમયે અમુક મહિલા પ્રવાસીઓ અને આરોપી પ્રદીપ ક્ષત્રિય (૪૯) વચ્ચે બોલાચાલી થઈ રહી હતી. ઝઘડો શાંત પાડવા માટે સચિને મધ્યસ્થી કરી હતી.

કહેવાય છે કે મામલો શાંત પડવાને બદલે વધુ વકર્યો હતો. આરોપી પ્રદીપે મધ્યસ્થી કરનારા સચિનના પેટ પર છરી હુલાવી હતી અને માથા પર લાકડું ફટકાર્યું હતું, એમ પોલીસે જણાવ્યું હતું.

આ હુમલાને કારણે પ્રવાસીઓએ આરોપીને ફટકાર્યો હતો અને પોલીસને જાણ કરી હતી. બાન્દ્રા રેલવે પોલીસની ટીમ તાત્કાલિક ટ્રેનમાં પ્રવેશી હતી. ગંભીર રીતે ઘવાયેલા સચિનને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. સારવાર માટે તેને આઈસીયુમાં દાખલ કરાયો હતો. પ્રવાસીઓની મારપીટથી ઘવાયેલા પ્રદીપને પણ હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો.

આ પ્રકરણે પ્રદીપ વિરુદ્ધ હત્યાના પ્રયાસ સહિત ભારતીય ન્યાય સંહિતાની અન્ય કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. સારવાર બાદ હૉસ્પિટલમાંથી રજા મળ્યા પછી આરોપીની ધરપકડ કરવામાં આવશે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■



